# જાહેર નિવિદા

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, બ્લોક નં.૧૪/૩ જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીના ઉપક્રમે આયોજીત “ખેલમહાકુંભ-૨૦૧૧” નાં આયોજન અંતર્ગત યોજવામાં આવનાર વિવિધ રમતોમાં જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓ અને વિજેતા ખેલાડીઓને આપવાના થતાં અંદાજીત ૩.૫૦ લાખ નંગ પ્રમાણપત્ર છાપકામ કરીને સમયમર્યાદામાં પૂરા પાડી શકે તેમ હોય તેવી રસ ધરાવતી પાર્ટીઓએ ટેન્ડરની શરતો અને પ્રમાણપત્રની વિગતો આ કચેરીની વેબસાઇટ www.sycd.gov.in ઉપર કચેરી સમય દરમ્યાન મેળવીને શરતો મુજબ સીલ બંધ કવરમાં “ખેલમહાકુંભ-૨૦૧૧ માટેના પ્રમાણપત્ર છાપકામનું ટેન્ડર” એમ લાલ અક્ષરોમાં લખાણ કરી તા.૦૯/૧૧/૨૦૧૧ સુધીમાં કચેરી કામકાજ સમય દરમ્યાન ઉપરોક્ત સરનામે મળી જાય તે રીતે સીલ બંધ કવર રજીસ્ટર/પોસ્ટ/રૂબરૂ મોકલી આપવાનું રહેશે. ટેન્ડર ફોર્મ અને ટેન્ડરની શરતો ઉક્ત કચેરીમાંથી રૂબરૂ મેળવી લેવાની રહેશે.

સચિવ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

**જીલ્લા અને રાજયકક્ષાએ ભાગ લેનાર તથા વિજેતા ખેલાડીઓને પ્રમાણપત્ર પુરા પાડવા અંગેની શરતોઃ-**

૧ ખેલમહાકુંભ-૨૦૧૧ ની વિવિધ (ભાઇઓ/બહેનો) સ્પર્ધાઓમાં જીલ્લા અને રાજયકક્ષાએ ભાગ લેનાર તથા વિજેતા ખેલાડીઓને પ્રમાણપત્ર ડીઝાઇનોના નમૂના ટેન્ડર સાથે અથવા ટેન્ડર ખોલવાના સમયે રૂબરૂમાં બતાવવાના રહેશે.

૨ પ્રમાણપત્ર નમૂનાઓ અત્રેની કચેરીમાં રૂબરૂ જોઇ શકાશે તેમજ તેના ફોટોગ્રાફ પણ સ્વખર્ચે લઇ શકાશે.

૩ તમામ પ્રમાણપત્રો ઉપર સીરીયલ નંબર આપીને વ્યવસ્થિત રીતે પેક કરીને રાજયના તમામ જીલ્લા કચેરીને જે તે ઇજારદારના ખર્ચે તા. ૨૮/૧૧/૨૦૧૧ સુધીમાં સમયસર પુરા પાડવાના રહેશે. ટ્રાન્સપોર્ટ અંગેનો ખર્ચ અત્રેથી કોઇ જ અલગ રીતે આપવામાં આવશે નહીં

૪ ઇન્કમટેક્ષની કપાત નિયમોનુસાર અત્રેથી જ કરી લેવામાં આવશે.

૫ પ્રમાણપત્રની સંખ્યામાં જરૂરિયાત મુજબ વધારો કે ઘટાડો કરવાની સત્તા સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતને રહેશે.

૬ ભાવપત્રકો સાથે ડીપોઝીટ પેટે **રૂ.૧૫,000/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** નો ડીમાન્ડ ડ્રાફટ સચિવશ્રી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર ના નામનો રજુ કરવાનો રહેશે. ટેન્ડર ખોલવાની પ્રક્રિયા પૂર્ણ થઇ ગયા બાદ ખરીદ સમિતી દ્વારા જે ત્રણ નીચા ભાવોના ટેન્ડરો માલુમ પડશે તે સિવાયના વ્યકિત / સંસ્થાઓને ડીપોઝીટની રકમ અત્રેથી તરત પરત કરવામાં આવશે. જયારે ત્રણ નીચા ભાવવાળા ટેન્ડરો માટેની ડીપોઝીટ અત્રે રાખવામાં આવશે અને ખરીદીની કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ થઇ ગયા બાદ પરત કરવામાં આવશે.

૭ જે કિસ્સામાં વર્કઓર્ડરના અમલીકરણમાં સંસ્થા / વ્યકિત નિષ્ફળ રહેશે તો ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૮ ભાવપત્રકો બંધ કવરમાં રજુ કરવાના રહેશે તેમજ કવર ઉપર ખેલ મહાકુંભ-૨૦૧૧ માટેના ’’**પ્રમાણપત્ર છાપકામ**” અંગેનું ટેન્ડર એમ લખવાનું રહેશે.

૯ ઓછા ભાવવાળુ ભાવપત્રક સ્વીકારવું કે કેમ તે બાબતની અંતિમ સત્તા આ માટે નિયુકત કરેલ ખરીદ સમિતીને રહેશે.

૧૦ શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

૧૧ ટેન્ડરની શરતો અંગે નિયુકત કરેલ ખરીદ સમિતીનો નિર્ણય અને અર્થઘટન સૌને બંધનકર્તા રહેશે.

૧૨ ટેન્ડર તા. ૦૯/૧૨/૨૦૧૧ ના રોજ ૧૭:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીમાં મળે તે રીતે રજુ કરવાના રહેશે. આ ટેન્ડરો રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના કમિટી રૂમ, બ્લોક નં.૨/૮, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે તા.૧૨/૧૧/૨૦૧૧ ના રોજ ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે. આ દરમ્યાન જે તે વ્યકિત / સંસ્થાના અધિકૃત પ્રતિનિધિઓએ સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

ઉપરોકત નિયમો અમોએ વાંચેલ છે અને અમોને તે માન્ય છે.

**(વ્યકિત - સંસ્થાના અધિકૃત વ્યકિતની સહી)**

**સરનામુઃ-**

**ટેલીફોન નં.**

**રહેઠાણઃ-**

**ઓફિસઃ-**

**મોબાઇલઃ-**

સરનામુઃ-
ટેલીફોન નં.
રહેઠાણઃ-
ઓફિસઃ-
મોબાઇલઃ-

**પ્રતિ,**
**સચિવશ્રી,**
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,
બ્લોક નં.૧૪/૩ જો માળ,
ડો.જીવરાજ મહેતા ભવન,
સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦

**વિષયઃ-** **ખેલમહાકુંભ-૨૦૧૧માં રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર તથા વિજેતા ખેલાડીઓને પ્રમાણપત્રના છાપકામના ભાવપત્રક મોકલવા બાબત.**

**શ્રીમાન,**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ખેલ મહાકુંભ-૨૦૧૧ માં યોજાનાર વિવિધ ૨૦ રમતોની જીલ્લા અને રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર તથા વિજેતા ખેલાડીઓને આપવાના થતાં પ્રમાણપત્ર છાપકામ કરીને તૈયાર કરવા માટે વર્તમાનપત્રમાં જે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ થયેલ છે, તે અન્વયે અમોએ આપશ્રીને કચેરીમાં રાખેલ નમૂનાઓને જોયેલ છે અને તે નમુના મુજબની વસ્તુઓ અમો તમામ વેરાઓ, ટ્રાન્સપોર્ટેશન ચાર્જ સહિતના નીચેના ભાવે આપવા માટે સહમત છીએ.

| ક્રમ | છાપકામની વિગત | ભાવ |
|---|---|---|
| ૧ | આર્ટ કાર્ડ, ૨૫૦ જીએસએમમાં સીંગલ કલર | |
| ૨ | આર્ટ કાર્ડ, ૨૫૦ જીએસએમમાં ડબલ કલર | |
| ૩ | આર્ટ કાર્ડ, ૨૫૦ જીએસએમમાં મલ્ટીકલર | |

ડીપોઝીટ પેટે રૂ.૧૫,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ નં.................................... તા................... આ સાથે સામેલ રાખેલ છે.

**(વ્યકિત / સંસ્થાના અધિકૃત વ્યકિતની સહી)**